## અરવલ્લીમાં વિદેશી દારૂની ફેક્ટરી માટે મંજુરીની મહોર

**કવેરીયામાં રૂા.૨૦ કરોડના ખર્ચે ફેક્ટરી શરૂ થશે : કામદારોમાં દારૂના બંધાણીઓને અગ્રતા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં દારૂના બંધાણીઓ માટે કોરોના કાળમાં ખુશ ખબર આવી છે. રાજસ્થાનના મુખ્ય મંત્રીએ ગત વર્ષે ગુજરાતમાં વધુ દારૂ પીવાય છે તેવું નિવેદન કર્યા પછી રાજસ્થાનમાં વિદેશી દારૂના વેપલાને ધરાશાયી કરવાના ઈરાદા સાથે અરવલ્લીમાં વિદેશી દારૂની ફેક્ટરી માટે મંજૂરીની મહોર મારી છે. આજે તા.૧ એપ્રિલના રોજ માલપુરના કવેરીયામાં રૂા.૨૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર ફેક્ટરીનું ભૂમિ પૂજન થવાનું છે. જેમાં સરકારના મંત્રીઓ સાથે કોંગ્રેસના આગેવાનો હાજર રહી શકે છે. વધતી બેરોજગારીને ધ્યાનમાં રાખી કામદારોમાં દારૂના બંધાણીઓને અગ્રતા અપાશે.

ગાંધીજીના ગુજરાતમાં કડક દારૂબંધી હોવા છતાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. પોલીસ દ્વારા રોજ લાખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવે છે અને તેને સાચવવામાં પણ પોલીસને હવે પરેશાનીનો સામનો કરવો પડે છે પરંતુ હવે અરવલ્લી જિલ્લામાં પોલીસ તંત્ર માટે તેમજ દારૂના શોખીનો માટે રાહતરૂપ નિર્ણય રાજ્યની સંવેદનશીલ સરકારે લીધો છે. જાણવા મળ્યા મુજબ માલપુરના ઉભરાણ નજીકના કવેરીયામાં અગાઉ રાજસ્થાનથી મોટી સંખ્યામાં વિદેશી દારૂ ઉતારી કટીંગ કરી રાજ્યના ખૂણે ખૂણે મોકલાતો હતો અને તેમાં એલ.સી.બી. સહિતના કેટલાક પોલીસ અધિકારીઓની સંડોવણી હતી પરંતુ હવે ઘરઆંગણે જ વિદેશી દારૂના ઉત્પાદનને વેગ આપવાના ઉદ્દેશ્યથી દારૂની ફેક્ટરીની સ્થાપના માટે મંજૂરીની મહોર મારવામાં આવી છે જેમાં બાંધકામ અને ફાર્મા ઉદ્યોગના રાજસ્થાન સરકાર સાથે ઘરોબો ધરાવતા ઉદ્યોગકારોએ માતબર રોકાણ કર્યાનું જાણવા મળ્યું છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં વિદેશી દારૂની ફેક્ટરી માટે મંજૂરીની મહોર છતાં વર્તમાન કે પૂર્વ ધારાસભ્યોએ કોઈ વિરોધ ન દર્શાવતાં તેની પણ સ્થાનિક પ્રજાએ નોંધ લીધી છે. જિલ્લામાં દૈનિક કેટલા વિદેશી દારૂની ખપત છે તેની વિગતો જિલ્લા પોલીસ તંત્ર પાસેથી મેળવ્યા પછી જ અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની ફેક્ટરી સ્થપાય તો સારૂ વેચાણ થઈ શકે તેવો અંદાજ બહાર આવતાં સમગ્ર ગુજરાતમાં એકમાત્ર અરવલ્લીમાં પ્રથમ વિદેશી દારૂની ફેક્ટરીનો પાયો નંખાઈ રહ્યો છે. આજે તા.૧ એપ્રિલ છે એપિસોડ પ્રજાને એપ્રિલ ફૂલ બનાવવા માટે છે.

**એપ્રિલના પ્રથમ દિવસે જ એપ્રિલ ફુલ જેવો ખેલ**

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આજથી શાળાનો સમય ૧૦.૩૦ થી ૫.૦૫નો રખાતાં પ્રાથમિક શિક્ષકોમાં કચવાટ

**૧૧ હજાર શિક્ષકોની અવઢવનો અંત, કાળઝાળ ગરમીમાં શાળાનો સમય સવારનો યોગ્ય**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

દર વર્ષે એપ્રિલ મહિનામાં શાળાનો સમય સવારનો હોય છે. પરંતુ પ્રથમવાર એવું બન્યું છે કે કાળઝાળ ગરમીમાં પણ સરકારી શાળાઓનો સમય અગાઉની જેમ સવારે ૧૦-૩૦ થી ૫-૦૫નો રાખવાનો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા નિર્ણય કરાતાં પ્રા.શિક્ષકોમાં કચવાટ જોવા મળ્યો છે. અત્યારે ગરમીનો પારો ૪૦ ડિગ્રીને આંબ્યો છે ત્યારે શાળાઓમાં ઠંડક આપતા ઉપકરણો પણ ગરમ પવન ફૂંકી રહ્યા છે. વિદ્યાર્થીઓ લૂ લાગવાના સકંજામાં આવી શકે છે. આ તમામ બાબતો જોતાં મોટાભાગનો શિક્ષક સમુદાય એપ્રિલ મહિનાના આરંભથી જ શાળાનો સમય સવારનો હોવો જોઈએ તેવો અંગત મત વ્યક્ત કરી રહ્યા છે.

કોરોના અને ગરમીએ પ્રજાથી માંડી સરકારી બાબુઓને પરેશાન કરી દીધા છે. કોરોનાના કારણે ૧૨ મહિના પછી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે અને તેમાંય ધો.૧ થી ૫ તો માત્ર શેરી શિક્ષણના રૂપમાં ચાલી રહ્યું છે. શિક્ષકોના માથે કોરોનાનું સંક્રમણ ભમતું હોવા છતાં તંત્ર શેરી શિક્ષણનો મોહ છોડી શકતું નથી. છેલ્લા ૧ સપ્તાહથી ઉત્તર ગુજરાતમાં હિટવેવની સ્થિતિ છે. કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે ત્યારે તા.૧ એપ્રિલથી શાળાઓનો સમય અગાઉની જેમ જ સવારનો થશે તેવી શિક્ષકોને ધારણા હતી પરંતુ વિભાગ દ્વારા કોઈપણ પરીપત્ર બપોર સુધી જાહેર થયો ન હતો અને મૌખિકમાં જ શાળાનો સમય અગાઉની જેમ રાબેતા મુજબ ૧૦-૩૦ થી ૫-૦૫નો રાખવાનો નિર્ણય લેવાયો છે જેથી ધોમધખતા તાપમાં શેકાતા ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ અને પ્રા.શિક્ષકોને પણ હિટવેવ અને કોરોના અસર કરી શકે છે.

### શિક્ષણ વિભાગના અધિકારીની પોસ્ટથી શિક્ષકોમાં રોષ

તા.૧ એપ્રિલથી શાળાનો સમય સવારનો થશે કે કેમ..?? તે અંગે શિક્ષણ વિભાગના અધિકારીને કોઈએ ફોન કરીને પૂછ્યું હતું. તો તેમને એવો જવાબ સોશ્યલ મીડીયામાં આપ્યો છે કે ગયા માર્ચથી આ માર્ચ સુધી લીધેલ પગાર અને કરેલ કામોનો હિસાબ કરવા વિનંતી. બીજા કોઈનો નહીં ભગવાનનો ડર રાખી બાળકોના હિતમાં કામ કરો તો સારૂ..આવી પોસ્ટ ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હજારો પ્રા.શિક્ષકોના ગૃપમાં ફરતી થઈ છે અને શિક્ષકોએ અમે ગત માર્ચથી અત્યાર સુધીમાં જીવના જોખમે બધું જ કામ કર્યું છે તેવી હૈયાવરાળ ઠાલવી વિભાગના અધિકારીની પોસ્ટ સામે દિવસ દરમ્યાન રોષ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

### અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના જાન્યુઆરી મહિનાના પરીપત્રથી પ્રાથમિક શિક્ષકો અવઢવમાં

રાજ્યના અનેક જિલ્લાઓમાં આજે તા.૧ એપ્રિલથી શાળાઓનો સમય સવારના બદલે સવારે ૧૦-૩૦ થી ૫-૦૫ નો રાખવાનો નિર્ણય લેવાયો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં બપોરના ૩-૦૦ સુધી અવઢવની સ્થિતિ છે. કારણ કે જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા તા.૪ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કરેલા પરીપત્રમાં તા.૧ એપ્રિલ થી ૩૦ જૂન સુધી શાળાનો સમય ૭-૧૫ થી ૧૨-૦૦ નો રાખવો અને વર્ષ દરમ્યાન શનિવારનો સમય ૭-૩૦ થી ૧૧-૧૫ નો રાખવા અગાઉના પરીપત્રથી જણાવ્યું છે. નાયબ ડી.પી.ઓ. સમીરભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને સમી સાંજ સુધીમાં શાળાના સમય બાબતે નિર્ણય લેવાશે.

## વાત્રકનું કોવિડ સેન્ટર ફરી શરુ થાય એવી ધનસુરાના લોકોની ઈચ્છા

**કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે લોકો ઈચ્છે છે એ કોરોના નું સેન્ટર ફરી શરુ થાય**

સરકારે જિલ્લામાં કોવિડ સેન્ટર શરુ કર્યા હતા જેનાથી લોકોને રાહત થતી હતી વાત્રક ખાતેના કોવિડ સેન્ટરની સારી કામગિરી હતી પણ હાલ આ કોવિડ સેન્ટર બંધ છે લોકોને કોરોના ટેસ્ટ, સીટી સ્કેન કરવામાં આવતા હતા પણ આ સેન્ટર બંધ થતા ધનસુરાના આજુબાજુના લોકોને મુશ્કેલીઓ પડી રહી છે વાત્રકની ફતેસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલમાં ચાલતા કોવિડ સેન્ટરે લોકોને કોરોનામાં રાહત આપી હતી લોકો ઓછા દરે સારવાર કરાવી શકતા હતા કોરોનાની બીજી લહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે ધનસુરાના આજુબાજુના લોકોને મુશ્કેલીઓ પડી રહી છે જેને લઈ કોરોનાની બીજી લહેરમાં આ સેન્ટર ન હોવાથી લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે વાત્રકના કોવિડ સેન્ટરમાં રાહત દરે સારી સુવિધા થી સારવાર થતી હતી જેનાથી લોકોને લાભ થતો હતો સાથે અનુભવી સ્ટાફ ધ્વારા સુંદર કામગિરી કરાઈ હતી.

## બાયડ, દધાલિયા, વખતપુર, અલવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકાયા

**સાચો આંકડો બહાર આવતો નથી, પ્રજામાં દહેશતનો માહોલ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાથી સ્થિતિ વણસી છે. ફરી એકવાર અરવલ્લી જિલ્લો લૉકડાઉનના મુખમાં ધકેલાશે તેવી શંકાથી વેપારીઓ અને રોજમદારો ઉચાટ અનુભવી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા કોરોનાના કેસ વધતાં બાયડની વલ્લભનગર સોસાયટી, મોડાસા તાલુકાના દધાલિયા ગામની પટેલ ફળી, ધનસુરાના વખતપુરાની મકવાણા ફળી, અલવા ગામની મુખીવાડી ફળી અને મોડાસા તાલુકાના ગઢા ગામની પટેલ ફળીને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકવામાં આવી છે અને લોકો બહાર અવર જવર ન કરે તેની તકેદારી રાખવા માટે સ્થાનિક પોલીસને જણાવવામાં આવ્યું છે.



કોરોના વેક્સિનેશનમાં જેમ વધારો થઈ રહ્યો છે તેમ કોરોના પોઝિટિવ કેસમાં બમણી ગતિથી ઉછાળો આવતાં કોરોના રસી બાબતે પણ પ્રજામાં આશંકા ઉભી થઈ છે. છેલ્લા એક સપ્તાહ દરમ્યાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સિનિયર સિટીઝન તેમજ ગંભીર રોગથી પીડાતા દર્દીઓને આરોગ્ય વિભાગ દ્વારા મફત કોરોના વેક્સિન આપવાની શરૂઆત થઈ છે પરંતુ અનેક લોકો કોરોનાની રસી લેતાં ડરી રહ્યા છે. આરોગ્ય કર્મચારીઓ રસીની કોઈ આડ અસર નથી તેવું સમજાવતા હોવા છતાં અનેક લોકો ટસના મસ થતા નથી જેના કારણે વેક્સિનેશનને સંપૂર્ણ સફળતા મળતી નથી. પાછલા એક સપ્તાહથી અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો કોરોનાના સકંજામાં આવ્યા છે. સંક્રમણ થતું સતત વધી રહ્યું છે અને હવે આરોગ્ય વિભાગ આંકડા ઉપર ઢાંકપીછોડ કરી શકવાની સ્થિતિમાં નથી ત્યારે માર્ચ મહિનાના અંતમાં જિલ્લાના ૫ ગામોના કેટલાક વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. જેમાં તા.૩૦ માર્ચ થી ૧૩ એપ્રિલ સુધી આ વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવ્યા છે. અપવાદરૂપ સરકારી ફરજ ઉપરના વ્યક્તિઓ આ વિસ્તારમાંથી પસાર થતા તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતા પાસ ધારકો, આ વિસ્તારમાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી અને જથ્થાબંધ બજાર માટે કન્ટેન્ટમેન્ટ ઝોન લાગુ પડશે નહીં. હુકમનો ભંગ કરનારા વ્યક્તિ વિરૂદ્ધ ધ એપેડેમિક ડીસીસ એક્ટ-૧૯૮૭, ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેવું જાહેરનામામાં જણાવ્યું છે.

### બનાસકાંઠાના ચાર પીઆઈની આંતરિક બદલી

બનાસકાંઠા જીલ્લામાં આજે પોલીસ અધિક્ષકે વહીવટી કારણોસર ૪ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી કરી છે. જેમાં ડીસા શહેર દક્ષિણ, ધાનેરા, પાલનપુર શહેર પશ્ચિમ અને સીપીઆઇ ડીસાના પીઆઈની આંતરિક બદલીઓ કરવામાં આવી છે. આજે અચાનક બનાસકાંઠા જીલ્લા પોલીસવડાએ વહીવટી કારણોસર તાત્કાલિક ચાર પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી કરી દીધી છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લામાં આજે એકસાથે ૪ પીઆઈની બદલી કરવામાં આવી છે. જીલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલે વહીવટી કારણોસર ૪ પીઆઈની બદલી કરી તાત્કાલિક બદલીના સ્થળે હાજર થવા કહ્યુ છે. જેમાં ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.વી.પટેલની ધાનેરા, ધાનેરા પોલીસ સ્ટેશનના પીઆઈ સમીરસિંહ ડાભીની પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન, પાલનપુર શહેર પશ્ચિમ પીઆઈ કે.પી. ગઢવીની સીપીઆઇ ડીસા અને સીપીઆઇ ડીસા વાય.એમ. મિશ્રાની બદલી ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશને કરી છે.

### ડીસામાં યુવકે ગળે ફાંસો ખાઈ જીવન દોરી ટૂંકાવી

ડીસા શહેરના તેરમીનાળા વિસ્તારમાં આવેલા માજીસા માતાજીના મંદિર પાસે રહેતા મહેશભાઈ બાબુભાઈ પંડ્યા (ઉ.વ. ૩૨) એ ગઈકાલે બુધવારે પોતાના રહેણાંક મકાનમાં કોઇ અગમ્ય કારોણસર ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગેની જાણ થતાં જ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

## કોરોનાનું ગ્રહણ : સાબરકાંઠામાં ટેકાના ભાવે ચણાની માંડ ૪૮ ટકા ખરીદી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

કોરોનાએ અનાજ, કઠોળ પકવતા ખેડૂતોને પણ પાયમાલ કર્યા છે. સરકાર દ્વારા રૂા.૧૦૨૦ના ખેડૂતો દ્વારા ઉત્પાદિત પાકની ખરીદી થાય છે પરંતુ પાછલા ૨ વર્ષ દરમ્યાન જોવામાં આવ્યું કે સરકાર દ્વારા ટેકાનો ભાવ નિયત ૨૫૯૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી માંડ ૧૪૨૩ ખેડૂતોએ ચણાનું ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પોશીનામાં



ભાવે ગત તા.૮ માર્ચથી ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ થઈ હતી. જિલ્લાના ૮ તાલુકાના ૨૫૯૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું પરંતુ કોરોનાનું ગ્રહણ લાગ્યું હોય તેમ માંડ ૧૪૨૩ ખેડૂતોએ ચણાનું ટેકાના ભાવે વેચાણ કર્યું છે. આ સંજોગોમાં ટેકાના ભાવે ચણા ખરીદીની મુદત લંબાવવામાં આવે તેવી ખેડૂતોએ માંગ કરી છે.

સરકાર દ્વારા ટેકાના ભાવે કરાયો હોય તેના કરતાં બજારમાં ઉંચા ભાવે વેપારીઓ ખેડૂતો પાસેથી ખેતપેદાશ ખરીદી રહ્યા છે. ક્યારેક વેપારીઓ રીંગ કરીને પણ ખેડૂતોને લૂંટતા હોવાના અનેક યાર્ડોમાં આક્ષેપ થયેલા છે. સરકાર દ્વારા ચણા પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે રજીસ્ટ્રેશન શરૂ કરાયું હતું. હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, વિજયનગર, પોશીના તાલુકાના માત્ર ૧ ખેડૂતે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ટેકાના ભાવે વેચાણ પણ કર્યું છે. અત્યારે માત્ર ૫૦ મણ વધુમાં વધુ ચણા ટેકાના ભાવે ખરીદવાની જોગવાઈ છે તો પછી ખેડૂતો માટે વધુ પાક ઉપજ મેળવવી શું શ્રાપરૂપ છે..?? સરકાર અને તેના ટેકાના ભાવે ખરીદતા વિભાગ દ્વારા આ પ્રકારનો ભેદભાવ દૂર થવો જોઈએ તેવી કેટલાક ખેડૂતોએ માંગ કરી છે.

## અરવલ્લીના સીમાડામાં મધનો શોખીન "મધિયો બાજ" દેખાયો

**પક્ષીપ્રેમી હરખાયા પણ ભમરા ગિન્નાયા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં ઘરઆંગણાના પક્ષીઓ લુપ્ત થવાને આરે આવીને ઉભાં છે ત્યાં જંગલ વિસ્તાર અને ટાપુઓની ઘાટી વનરાજીમાં એકલા



જોવા મળતા મધિયો બાજની સંખ્યામાં વધારો થતાં પક્ષીવિદ્ હરખાયા છે પરંતુ મધ ખાવાનો શોખીન બાજ મધપુડાઓને છંછેડતું હોવાથી કાળઝાળ ગરમીમાં ભમરા ગિન્નાયા હોય તેવી સ્થિતિ છે. આ પક્ષીની મધ ખાવાની લાલચમાં ભમરા ઉડવાથી રાહદારીઓ તેમજ ખેડૂતો આતંકનો ભોગ બનવા લાગ્યા છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીની હાલત કફોડી બનવાના અણસાર છે. ખુલ્લા મેદાન તેમજ વૃક્ષો ઉપર માળો બાંધીને રહેતા પક્ષીઓ આકરી ગરમીથી વિહવળ બની ગયાં છે ત્યાં હમણાંથી ભમરા કોપાયમાન બન્યા છે. ભમરાના ડંખથી ભોગ બનેલા એક ખેડૂતનું મોત નિપજવાની સાથે અસંખ્ય લોકો ઘાયલ થયા પછી મધિયા બાજની હાજરી વધતાં ભમરાનું જોખમ વધવાની સંભાવના છે. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારના સીમાડાઓમાં વૃક્ષો ઉપર ડાળખીઓથી માળો બાંધી મધ ખાવાનો શોખીન બાજ પક્ષીની હાજરીમાં વધારો થયો છે. ભારતીય ઉપખંડ અને ખાસ કરીને શ્રીલંકા સુધી જોવા મળતું પક્ષીની હાજરી જિલ્લામાં સતત વધી રહી છે. વૃક્ષો ઉપર મધપુડા જ્યાં દેખાય ત્યાં મધિયો બાજ ત્યાં પહોંચી જતો હોય છે અને વૃક્ષો ઉપર લટકતા ભમરાના ઝૂંડને છંછેડી મધ આરોગી જતો હોય છે. મધ ખાવાની લાલસામાં ભમરા ઉડવાથી આતંકનો ભોગ રાહદારીઓ તેમજ ખેડૂતો બનતા હોય છે. અરવલ્લીના ગાઢ જંગલ વિસ્તાર તેમજ ખેતસીમાડાઓમાં અગાઉ મધિયો બાજ લુપ્ત થવાના આરે હતા પરંતુ પાછલા કેટલાક વર્ષોથી તેની હાજરીમાં વધારો થતાં પક્ષી પ્રેમીઓ જોઈને હરખાઈ રહ્યા છે પરંતુ મધપૂડાને છંછેડવાના કારણે ભમરા સમયાંતરે કોપાયમાન બની રહ્યા છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના એક લાખ યુવાનો સુપરસ્પ્રેડર બનવાની દહેશત

**આજથી ૪૫ વર્ષથી વધુ ઉંમરનાઓ માટે કોરોના વેક્સિનેશન, ચૂંટણીની ટોળાશાહીથી સંક્રમણ બેકાબુ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

દેશ સહિત રાજ્યોમાં કોરોનાની સ્થિતિ બેકાબુ બની છે. સરકારના આરોગ્ય વિભાગના આંકડા ઉપર પ્રજાને વિશ્વાસ નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની નવી લહેર કયો મુકામ હાંસલ કરશે તે કહેવું મુશ્કેલ છે. જિલ્લામાં વધતા કોરોનાના કહેરથી ૧ લાખ યુવાનો સુપરસ્પ્રેડર બનવાની દહેશત છે. આજે ગુરૂવાર તા.૧ એપ્રિલથી સરકાર દ્વારા ૪૫ વર્ષથી વધુ ઉંમરના દરેક લોકોનું રસીકરણ થશે. રસીકરણ કેન્દ્ર પર ઓળખપત્ર બતાવીને રસી લઈ શકાશે તેમજ કોવિશિલ્ડ રસીના બે ડોઝ વચ્ચે ૪ થી ૮ અઠવાડીયાનું અંતર રાખવાની પણ ગાઈડલાઈન આપવામાં આવી છે. છેલ્લા ૩ દિવસથી બંન્ને જિલ્લામાં કન્ટેન્ટમેન્ટ ઝોનની સંખ્યા વધી રહી છે તે ચિંતાપ્રેરક છે.

કોરોના બેકાબુ બન્યા પછી રાજકીય પક્ષો, કાર્યકરો અને ટોળાશાહીને દોષ દેવા કરતાં કોઈપણ કાર્યકર પહેલાં એક જાગ્રત નાગરિક છે તે ભૂલવું જોઈએ નહીં. છેલ્લા ૧ વર્ષથી સરકાર અને આરોગ્ય વિભાગ કહી રહ્યો હતો કે કોરોના સામેની લડાઈ એકાદ-બે વર્ષ સુધી લડવાની છે છતાં અનેક લોકો સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલ્યા હતા. જેનાં પરિણામો ૨ માર્ચથી વધતા કોરોનાના આંકડા ઉપરથી જોવા મળ્યું. અગાઉ કોરોના માત્ર શહેરી વિસ્તાર અને તાલુકા મથક ઉપર વધુ સંક્રમિત દર્દીઓના સ્વરૂપમાં જોવા મળ્યો પરંતુ અત્યારે સ્થિતિ એ છે કે એક પછી એક બંન્ને જિલ્લાના ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ પ્રસર્યું છે. અનેક ગામડાં એવાં હતાં કે અમારાં ગામમાં કોઈ રોગચાળો આજદિન સુધી ડોકાયો નથી તેવા ગામડાઓમાં પણ કોરોનાનું સંક્રમણ દેખાતાં આવા ગામોની પ્રજા પણ કોરોનાથી સાવધ રહેવું જોઈએ તેવું જાહેરમાં સ્વીકારી રહી છે. કોરોનાની બીજી લહેર બંન્ને જિલ્લાને હચમચાવી રહી છે. પ્રથમ લહેર કરતાં બીજી લહેરમાં દર્દીઓમાં અનેક નવાં લક્ષણો સામે આવ્યા છે. જેમાં કોરોનાની નવી લહેરના લક્ષણોમાં ડાયેરીયા અને પેટમાં દુઃખાવાની ફરિયાદો સામે આવી હોવા છતાં આરોગ્ય વિભાગના મોંઢે તાળાં વાગ્યાં છે. હજુ પણ આરોગ્ય વિભાગ કોરોનાની સાચી સ્થિતિ સ્વીકારીને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું કડક પાલન નહીં કરાવે તો યુવાનો સુપરસ્પ્રેડર બને તે દિવસો હવે દૂર ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

### મોડાસામાં ૪૫ વર્ષથી ઉપરના નાગરિકોને આજથી નીચેના સ્થળે વિના મૂલ્યે રસીકરણ

૧. અર્બન હેલ્થ સેન્ટર, મોડાસા
૨. બહેરા-મૂંગા શાળા, મોડાસા
૩. સ્વામિનારાયણ શાળા, મોડાસા
૪. આઈ.ટી.આઈ., મોડાસા
૫. સર્વોદયનગર પ્રાથમિક શાળા, મોડાસા
૬. સરસ્વતી બાલમંદિર, રત્નદિપ-મોડાસા
૭. સરકારી શાળા નં.૩, મોડાસા
૮. પાવન સીટી, મોડાસા
૯. સરકારી શાળા નં.૨, મોડાસા
૧૦. ઘાંચી આરોગ્ય મંડળ, મોડાસા